# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૨/૧/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ટેક્ષ્ટાઇલ મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાની સાથે ચેમ્બરની મુલાકાત

સુરત. ચેમ્બરના પ્રતિનિધી મંડળે ડિસેમ્બર ૨૦૧૯માં નવી દિલ્હી ખાતે ભારત સરકારના માનનીય ટેક્ષ્ટાઇલ મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાની સાથે મુલાકાત કરી હતી. જેમાં સુરતને ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરીંગનુ હબ બનાવવા વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેના અનુસંધાને આજરોજ સુરતની મુલાકાતે આવેલા શ્રીમતી સ્મૃતિબેન ઇરાનીએ ચેમ્બરના પ્રતિનિધી મંડળ સાથે સુરત એરપોર્ટ ખાતે મિટીંગ કરી હતી.

આ મિટીંગમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરીંગ એસોસિએશનના ચેરમેન શ્રી વલ્લભ ઠુમ્મર, ચેમ્બરના તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ તેમજ સેતુ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી હેતલ મહેતા અને ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય તેમજ સેતુ ફાઉન્ડેશનના ડાયરેકટર શ્રી પંકજ ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા.

માનનીય મંત્રીશ્રીએ સુરતને ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરીંગનુ હબ બનાવવાની દિશામાં શું પ્રયાસ કરી શકાય તેની વિગતવાર ચર્ચા કરી હતી તેમજ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને નવી ઉંચાઇએ લઇ જવા માટે ટેક્ષ્ટાઇલ એન્જીનિયરીંગને ડેવલપ કરવી પડશે તેમ જણાવ્યુ હતુ. એના માટે આગામી દિવસોમાં સરકારશ્રી દ્વારા નવી દિલ્હી ખાતે ટેક્ષ્ટાઇલ સેકટર માટે વિશાળ એક્ષ્પોનું આયોજન

કરવામાં આવનાર છે તેમ જણાવી ટેક્ષ્ટાઇલ એન્જીનિયરીંગ સેકટરને મોટાપાયે આ એક્ષ્પોમાં જોડવા માટે ચેમ્બર દ્વારા પ્રયાસ કરવામાં આવે તેમ આશાવાદ તેમણે વ્યકત કર્યો હતો. આ અંગે વિગતવાર ચર્ચા કરવા માટે ચેમ્બરના પ્રતિનિધી મંડળને માનનીય મંત્રીશ્રીએ નવી દિલ્હી ખાતેનું આમંત્રણ આપ્યુ હતુ.